જન્મદિને વધામણી

કર્મ રાહુલકુમાર નાયી
ડેમાઈ, તા.બાયડ

કરણકુમાર પ્રકાશભાઈ ભાટીયા
(શિક્ષક : એમ.એસ.પી. પટેલ પ્રા.વિભાગ-બાયડ)
બાયડ ગામ

રસિકભાઈ પટેલ
(સહજાનંદ સોસાયટી)
બાયડ

સચિન સુરેશભાઈ દરજી
(એસ.કુમાર ટેલર્સ-બાયડ)
બાયડગામ

જયકિષ્ણ રમણભાઈ પટેલ
(પ્રા.શિક્ષક)
આકરૂન્દ, તા.ધનસુરા

મેહૂલ બ્રહ્મભટ્ટ
આકરૂન્દ, તા.ધનસુરા

મણીભાઈ આર. પંચાલ
(સંગઠન મંત્રી : અરવલ્લી જિલ્લા ભાજપ)
બાયડ (દખણેશ્વર)

ઘરમાં રહો
સુરક્ષિત રહો

રાજ્યમાં ૨૪ કલાકમાં ૧૫૩ વ્યક્તિના મોત

ગુજરાતમાં કોરોનાના નવા ૧૨૯૭૮ કેસ નોંધાયા

અત્યાર સુધીમાં કુલ ૪૪૦૨૭૬ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૭૪૪ કેસ

ગાંધીનગર,તા.૨

રાજ્યના લોકો માટે સતત બીજા દિવસે રાહતના સમાચાર છે. રાજ્યમાં કોરોના વાયરસના કેસમાં મોટો ઘટાડો થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૨ હજાર ૯૭૮ નવા કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૧૫૮ લોકોના મૃત્યુ થયા છે. મૃત્યુઆંકમાં પણ ઘટાડો જોવા મળી રહ્યો છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ હજાર ૧૪૬ દર્દીઓએ કોરોનાને માત આપી છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૪૬૮૩, સુરત શહેરમાં ૧૪૯૪, મહેસાણામાં ૫૬૫,

વડોદરા શહેર ૫૨૩, ભાવનગર શહેર ૪૩૬, રાજકોટ શહેર ૪૦૧, જામનગર શહેર ૩૯૮, સુરત ગ્રામ્ય ૩૮૯, જામનગર ગ્રામ્ય ૩૦૯, બનાસકાંઠા ૨૨૬, ભાવનગર ગ્રામ્ય ૨૨૨, વડોદરા ગ્રામ્ય ૨૧૨, ખેડા ૧૭૪, પાટણ ૧૭૩, કચ્છ અને મહીસાગર ૧૬૯-૧૬૯ કેસ સામે આવ્યા છે. અમદાવાદ શહેરમાં છેલ્લા ૨૪ કલાકમાં ૨૬ દર્દીઓના મોત થયા છે. સુરત શહેરમાં ૯, મહેસાણામાં ૨, વડોદરા શહેરમાં ૧૧, ભાવનગર શહેરમાં ૫, રાજકોટ શહેરમાં ૧૦, જામનગર શહેરમાં ૭. સુરત ગ્રામ્યમાં ૪, જામનગર ગ્રામ્યમાં ૬, બનાસકાંઠામાં ૬, ભાવનગર ગ્રામ્યમાં ૬, વડોદરા ગ્રામ્યમાં ૮ લોકોના મોત થયા છે. ગુજરાતમાં એક્ટિવ કેસ ૧૪૬૮૧૮ છે. જેમાંથી ૭૨૨ દર્દીઓ વેન્ટિલેટર પર છે. કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૪૪૦૨૭૬ લોકો સાજા થયા છે. અત્યાર સુધી ૭૫૦૮ લોકોએ કોરોના મહામારીમાં પોતાના જીવ ગુમાવ્યા છે. રાજ્યનો રિકવરી રેટ ૭૪.૦૫ ટકા પહોંચી ગયો છે.

બાયડ તાલુકામાં કોરોનાનું રૌદ્ર સ્વરૂપ, રણેચીમાં કરીયાણાના વેપારી સહિત પરિવારમાં ૩ નાં મોત

કામ વગર બહાર રખડવા નિકળતા લોકો ચેતે, વેપારીઓ પણ ગંભીરતા દાખવે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

બાયડ તાલુકામાં કોરોનાનું રૌદ્ર સ્વરૂપ સામે આવ્યું છે રણેચીમાં કરીયાણાની દુકાન ધરાવતા વેપારી કોરોનાથી સંક્રમિત થયા પછી પરિવારના અન્ય સભ્યો પણ સંક્રમિત થયા જેમાંથી ૩ નાં મોત નિપજતાં વેપારી આલમ સહિત પ્રજાપતિ સમાજમાં હાહાકાર મચ્યો છે. કામ વગર બહાર રખડવા નિકળતા લોકોએ હવે ચેતવા જેવું છે. વેપારીઓએ પણ ધંધો..ધંધો કર્યા વગર જીવતા હશો તો પછી પણ કમાઈ લઈશું..તેવી હકારાત્મક સોચ દાખવવાનો સમય પાકી ગયો છે.

અરવલ્લી જિલ્લામાં કોરોનાનું સંક્રમણ બેકાબુ બન્યું અને અત્યાર સુધીમાં સરકારી આંકડા પ્રમાણે ૪૮ લોકોના મોત નિપજ્યા છે. પરંતુ બિનસત્તાવાર રીતે મૃત્યુ આંક ૧૩૦ને પાર કરી ગયો છે. માત્ર બાયડ તાલુકાનો જ વિચાર કરવામાં આવે તો કોરોનાએ અનેક આગેવાનોના જીવ લીધા છે. બાયડની ખાનગી હોસ્પિટલો પણ કોરોના દર્દીઓથી ઉભરાઈ રહી છે. પરંતુ તાજેતરમાં આવેલી વિગતો બહુ ચોંકાવનારી છે. રણેચીમાં કરીયાણાની દુકાન ધરાવતા ભૂપેન્દ્રભાઈ કાન્તિભાઈ પ્રજાપતિ કોરોનાથી સંક્રમિત થયા. કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતાં હિંમતનગર સિવિલમાં સારવાર આપવામાં આવી જ્યાં કોરોનાને હરાવ્યો અને ઘરે આવ્યા પરંતુ એકાએક તબિયત લથળતાં વાત્રક હોસ્પિટલમાં ખસેડાયા જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું ત્યારબાદ મૃતકના માતા મંગુબેન પ્રજાપતિ અને પિતા કાન્તિભાઈ કાંહ્યાભાઈ પ્રજાપતિ પણ કોરોનાથી સંક્રમિત થયા અને તેઓ પણ જીંદગી સામેનો જંગ હારી જતાં રણેચીમાં પ્રજાપતિ પરિવારના ૩ સભ્યોને કોરોના ભરખી જતાં ગામ સહિત સમાજમાં માતમ છવાયો છે. કોરોનાનું સંક્રમણ હજુ પણ બેકાબુ બનવાનું છે ત્યારે આંશિક અને સ્વયંભૂ લૉકડાઉન પુરૂ થયા પછી વેપાર-ધંધા-રોજગાર શરૂ થયા છે પરંતુ વેપારીઓએ પણ કોરોનાની ભયાનક મહામારી સામે સાવધ રહેવું પડશે. ધંધો મહત્વનો છે કે જીંદગી તે વેપારીઓએ નક્કી કરવાનું છે.

ગાંધીનગર સમાચાર ઈમ્પેક્ટ

ચિત્રોડા પ્રાથમિક કેન્દ્રમાં પચાસ કિટો આવી : કિટો આવતા જ ટેસ્ટિંગ માટે લોકોનો ધસારો

રેપીટ ટેસ્ટમાં ચિત્રોડા કેન્દ્ર પર ૧૫ પોઝીટીવ કેસો મળી આવ્યા

ઈડર તા.૨

ગઈ કાલે ગાંધીનગર સમાચારમાં ચિત્રોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પર કોરોનાના ટેસ્ટિંગ માટેની કિટો ખૂટતા લોકો મુશ્કેલીમાં મુકાયાના સમાચારે આજે ઈડર બ્લોક ઓફિસ તરફથી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને પચાસ કિટો ફારવવામાં આવી હતી. છેલ્લા પંદર-વિસ દિવસથી ઈડર તાલુકાના મોટાભાગના પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો પર કોરોના ની ટેસ્ટિંગ કિટો નો સ્ટોક ખલાસ થઈ ગયો હતો, જેના પગલે યોગ્ય નિદાન ન થતા લોકો પારાવાર મુશ્કેલીઓમાં મુકાયા હતા. જિલ્લામાં રેપીટ ટેસ્ટ કિટોની તીવ્ર અછતના કારણે યોગ્ય નિદાનના અભાવે અનેક લોકો મોતના મુખમાં ધકેલાય હતા.ગામડાઓમાં છેલ્લા પંદર એક દિવસથી શરદી, ખાંસી અને તાવના દર્દીઓ માં એક દમ વધારો થવા પામ્યો છે અને તેવામાં જ કોરોના ટેસ્ટની વપરાતી પ્રાથમિક નિદાન માટેની રેપીટ કિટોની અછત લોકો માટે મુશ્કેલીમાં વધારા સાથે ટેસ્ટિંગ વગર કોરોનાના નિદાનના અભાવે લોકો જીવ ગુમાવી રહ્યા હતા.ત્યારે છેલ્લા બે દિવસથી ફક્ત ચિત્રોડા ગામનાજ નવ જેટલા વ્યક્તિઓ ના મરણ થયેલ પણ ટેસ્ટીંગ કિટોના અભાવે કોરોના નો ટેસ્ટ થઈ શકેલ ના હતો. આ અંગે ચિત્રોડા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ના ઈન્ચાર્જ ડૉ. ફહરીન મલિક ના જણાવ્યા પ્રમાણે આજે બપોરે કોરોના ટેસ્ટિંગ ની પચાસ રેપીટ કિટો ફારવવામાં આવી છે.અને તે પૈકી ૩૭ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા છે તેમાંથી પંદર લોકો કોરોના પોઝિટિવ મળી આવ્યા છે.

સંવેદનશીલ સરકાર જાગે : કચ્છના આંતરીક અન્વેષણ અધિકારીનું કોરોનાથી મોત, ૯ મહિના પછી પણ સહાય ચૂકવવામાં ઠાગાઠૈયા

પરિવાર ગાંધીનગર અને કચ્છભૂજના ધક્કા ખાઈને થાક્યો, મુખ્ય મંત્રી સંવેદના દાખવે

હિંમતનગર, તા.૦૨

કચ્છ જિલ્લા પંચાયતના આંતરીક અન્વેષણ અધિકારી એસ.એમ.કુગશિયા(રહે.કાણોદર, જિ.બનાસકાંઠા)નું કોરોનાથી કારણે તા.૧૫ જુલાઈ-૨૦૨૦ ના રોજ મોત નિપજ્યું હતું. કોરોના સમયમાં કચેરીની કામગીરીમાં મૂકાયેલા કર્મચારીઓ માટે સરકાર દ્વારા રૂા.૨૫ લાખની સહાય જાહેર કરવામાં આવી હતી પરંતુ ૯ મહિના પછી પણ પરિવારને સહાય ચૂકવવામાં ઠાગાઠૈયા થઈ રહ્યા છે. પરિવાર ગાંધીનગર અને કચ્છભૂજના ધક્કા ખાઈને થાક્યો છે ત્યારે સંવેદનશીલ ભાજપ સરકાર જાગે અને મુખ્ય મંત્રી સંવેદના દાખવે તેવું પ્રજા ઈચ્છે છે.

કોરોનાની પ્રથમ લહેર દરમ્યાન અનેક લોકો કોરોનાથી સંક્રમિત થયા હતા. જ્યારે ફરજ બજાવતા અનેક કર્મચારીઓના પણ મોત નિપજ્યા પછી સરકાર દ્વારા ફરજ દરમ્યાન જો કર્મચારીનું કોરોનાના કારણે મોત નિપજે તો તેમના પરિવારને રૂા.૨૫ લાખ આપવાની જાહેરાત કરવામાં આવી હતી. પાલનપુરમાં ફરજ બજાવતા એસ.એમ.કુગશિયાની બઢતી સાથે આંતરીક અન્વેષણ અધિકારી જિલ્લા પંચાયત કચ્છભૂજ બદલી કરવામાં આવી. તેઓ ચાલુ ફરજ પર હતા ત્યારે તાવ અને શરદીમાં સપડાયા અને રજા મૂકીને ઘરે પરત આવ્યા બીજા દિવસે પાલનપુરમાં કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં સારવાર શરૂ કરવામાં આવી પરંતુ તબિયત વધુ બગડતાં સારવાર માટે અમદાવાદની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા જ્યાં સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું. આંતરીક અન્વેષણ અધિકારીને ફરજ દરમ્યાન કોરોનાનો ચેપ લાગ્યો હતો અને મોત નિપજ્યું હતું છતાં પણ કચ્છભૂજ જિલ્લા વહીવટી તંત્ર સંવેદના ભૂલ્યું છે અને આ અંગે તેમના પરિવારજનો અને મિત્રો દ્વારા પણ મૃતક કર્મચારીના પરિવારને સરકારની જાહેર કરેલી સહાય ચૂકવવા માટે રજૂઆત છતાં આજદિન સુધી સહાય ચૂકવાઈ નથી. કોરોનાથી મૃત્યુ નિપજ્યું હોવાના તમામ રિપોર્ટ જિલ્લા પંચાયતના સક્ષમ અધિકારી સમક્ષ રજૂ કર્યા હોવા છતાં મૃતક કર્મચારીને સરકારે જાહેર કરેલી સહાય ચૂકવવામાં તંત્ર કેમ પીછેહઠ કરી રહ્યું છે..?? કર્મચારીના મોત નિપજ્યાના ૯ મહિના પછી પણ સહાયમાં ઠાગાઠૈયાએ અનેક સવાલ ઉભા કર્યા છે. આ અંગે રાજ્યના મુખ્ય મંત્રીએ સંવેદના દાખવવાની જરૂર છે.

જિલ્લા પંચાયતના અધિકારીઓ એકબીજાને ખો આપી રહ્યા છે

હિંમતનગર : બહાર આવતી વિગતો અનુસાર કચ્છ જિલ્લા પંચાયતના અધિકારી એકબીજાને ખો આપી રહ્યા છે. તાબાની કચેરીના અધિકારીનું કોરોનાથી મોત નિપજ્યું છે છતાં પણ સહાય ચૂકવવામાં વિભાગના વડા અને મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી મૃતકના પરિવારને એક ટેબલથી બીજા ટેબલે મોકલી રહ્યા છે. રાજ્ય સરકારે પણ કચ્છ જિલ્લા પંચાયતના અધિકારીઓ આંતરીક અન્વેષન અધિકારીનું કોરોનાથી મોત નિપજ્યું હોવા છતાં પણ સહાય માટેનો યોગ્ય પત્ર ગાંધીનગર મોકલવા માટે કેમ ઠાગાઠૈયા કરે છે..?? તેની તપાસ થવી જોઈએ.

ઉગાડે છોગ ભ્રષ્ટાચાર - અરવલ્લી જિલ્લામાં સિંચાઈ યોજનાના ૩૦૦ કામ સામે સવાલ, એસ.ઓ.ની પોસ્ટ નથી

૫૦ હજાર નિવૃત્તિ પેન્શન લેતા સરકારી બાબુઓએ રૂા.૧૮ હજારમાં અજમાયશી નોકરી શરૂ કરી

હિંમતનગર, તા.૦૨

અરવલ્લી જિલ્લામાં સિંચાઈ યોજના મારફતે પાછલા એક વર્ષ દરમ્યાન થયેલા ૩૦૦ કામ સામે સવાલ ઉભા થયા છે. એકનું એક તળાવ સ્ટેટ અને ટ્રાયબલમાં બતાવી લાખો રૂપિયાની ગ્રાન્ટો ઓહીયા થયાના આક્ષેપ છે. સરકાર બેરોજગારી દૂર કરવાની વાત કરે છે પરંતુ અરવલ્લી જિલ્લામાં સિંચાઈ શાખામાં એસ.ઓ.ની પોસ્ટ નથી અને નિવૃત્ત થયેલા સરકાર બાબુઓ જે ૫૦ હજાર રૂા. દર મહિને પેન્શન મેળવે છે તેમને મહિને ૧૮ હજાર રૂા.ના પગારથી નોકરી શરૂ કરતાં મોટાપાયે ખોટું થતું હોવાની આશંકા છે. બાયડના ડી.બી.ઝાલા નિવૃત્ત થયા પછી વારંવાર એવો કયો સ્વાદ ચાખી ગયા છે કે મેઘરજ તાલુકામાં કામગીરી કરી રહ્યા છે. તપાસ થશે તો સરકારી બાબુઓનો રાજ્ય સરકારમાં બેઠેલા ઉચ્ચ અધિકારીઓ સાથેની સાંઠગાંઠનો પર્દાફાશ થઈ શકે છે.

બૃહદ સાબરકાંઠા જિલ્લામાં સિંચાઈ યોજનાઓમાં કરોડોના ભ્રષ્ટાચાર થયેલા છે પરંતુ ફરિયાદોને દબાવી દેવામાં આવે છે. તળાવ ઉંડા કરવા, તળાવ સુધારણા, પ્રોટેક્શન દિવાલ, નવા વેસ્ટવિયર, ટ્રાયબલના ચેકડેમ સહિતના કામ કરવાના હોય છે. જેમાં છેલ્લા ૨૦ વર્ષથી નિવૃત્ત ઈજનેરોને જ કામગીરી સોંપવામાં આવે છે. રાજ્યમાં કોઈ એવા સક્ષમ ઈજનેરો નથી જે જિલ્લામાં કામગીરી સંભાળી શકે. સરકાર અને વિભાગના સી.ઈ.ની એવી શી મજબૂરી છે કે અરવલ્લી જિલ્લામાં નિવૃત્ત થયેલા અધિકારીઓને કામગીરી ઉપર પાછા બોલાવવામાં આવે છે. એવું કહેવાય છે કે અરવલ્લી જિલ્લામાં નિવૃત્ત થયેલા કર્મચારીઓને ગોઠવવાનું ગાંધીનગરથી સીધું સેટીંગ થઈ રહ્યું છે એસ.ઓ.ની પોસ્ટ ઉભી કરવામાં આવી નથી જેથી અનેક બેરોજગારો નોકરીથી વંચિત રહી જાય છે. જી.પી.એસ.સી. ક્લીયર કરેલા અનેક ઉમેદવારોને તેના કારણે ઝડપથી નોકરી નસીબ થતી નથી. રાજ્યના મુખ્ય મંત્રી હસ્તકના વિભાગમાં ખરેખર શું ચાલી રહ્યું છે તેની મુખ્ય મંત્રીએ તપાસ કરવી જોઈએ. માત્ર અરવલ્લી જિલ્લામાં જ ગત જાન્યુઆરી-૨૦૨૦ થી માર્ચ-૨૦૨૧ દરમ્યાન થયેલા ૩૦૦ સિંચાઈ કામ ખરેખર પૂરી થયા છે કે પછી કાગળ ઉપર ખેલ પૂરો કરી દેવામાં આવ્યો છે..?? સરકારે તાત્કાલિક વિઝીલન્સ તપાસ માટેના આદેશ આપવા જોઈએ.

સિંચાઈના કામોમાં ભ્રષ્ટાચારના આરોપ ભાજપના આગેવાનોએ લગાવ્યા છે

હિંમતનગર : અરવલ્લી જિલ્લામાં અધિકારીઓ નિવૃત્ત થઈ ગયા હોવા છતાં પણ તેમને ફરીથી કામગીરી ઉપર બોલાવવામાં આવે છે. ભાજપના આગેવાનો તેમજ પૂર્વ ધારાસભ્યોએ પણ જિલ્લામાં સિંચાઈના કામોમાં ભ્રષ્ટાચારના આરોપ લગાવેલા છે તો પણ રાજ્યની ભાજપ સરકાર આક્ષેપો કેમ નજર અંદાજ કરે છે.

માત્ર ૧૮ હજાર પગાર છતાં ડ્રાઈવર સાથે એ.સી. કારમાં નોકરી ઉપર આવવાનું

હિંમતનગર : કોવિડની ગાઈડલાઈન મુજબ સિંચાઈ વિભાગમાં નિવૃત્ત થયેલા ઈજનેરોને દર મહિને ૧૮ હજારના ફિક્સ પગાર ઉપર બોલાવવામાં આવે છે. માત્ર ૧૮ હજાર પગાર અને તેમ છતાં ડ્રાઈવર સાથે એ.સી. કારમાં નોકરી ઉપર આવતા આવા અધિકારીઓ મેઘરજ, ભિલોડા સહિતના વિસ્તારોમાં શું ભલું કરતા હશે..?? તપાસ થાય તો આવા અધિકારીઓની મોટી ભ્રષ્ટાચારની કુંડળી સામે આવી શકે છે.

અવસાન નોંધ



બાયડ : બાયડના રમેશભાઈ શર્મા(આશા એગ્રીકલ્ચર, બાયડ), બાબુભાઈ શર્મા અને દિલીપભાઈ શર્માના માતા પાર્વતીબેન શર્માનું ૯૦ વર્ષની વયે નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન સ્થિતિના કારણે બેસણું રાખેલ નથી. માત્ર ટેલિફોનિક બેસણું રાખેલ છે.

બાયડ : ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામના હિતેષ પટેલ, રાકેશ પટેલના પિતા અને દિનેશભાઈ પટેલ(ઉપસરપંચ : આકરૂન્દ ગ્રામ પંચાયત), રૂપેશ પટેલ(કાબો), ધર્મેન્દ્ર પટેલ અને જીગર પટેલના કાકા કનુભાઈ કેશરભાઈ પટેલનું નિધન થયેલ છે. કોરોનાની વર્તમાન સ્થિતિને કારણે બેસણું તથા તમામ લૌકિક ક્રિય બંધ રાખેલ છે. સબંધીઓ, સ્નેહીજનોએ ટેલિફોનિક શ્રદ્ધાંજલિ અર્પણ કરવી.

બાયડ : હિંમતનગરના ઈસ્લામભાઈ સુથાર(અગવાન મોટર્સ-હિંમતનગર)ના નાનાભાઈ ઈકબાલભાઈ લુહાર(હિન્દુસ્તાન એગ્રો ઈન્ડસ્ટ્રીઝ)નું દુઃખદ નિધન થયેલ છે.

શિક્ષક વિશેષ...

અરવલ્લીના બાવાનો મઠ પ્રા.શાળાના દિવ્યાંગ શિક્ષકે શિક્ષણની તસવીર બદલી, બાળકો દ્વારા 'રામહાટ'ની પ્રવૃત્તિ

લોક ભાગીદારીથી શાળાનો ભૌતિક વિકાસ, અત્યાર સુધી શાળા પ્રવેશોત્સવમાં ૧૦૦ ટકા નામાંકનની સિદ્ધિ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૨

દિવ્યાંગ પ્રા. શિક્ષકે અરવલ્લીને ગૌરવ બક્ષ્યું છે. ફિઝીકલી ફીટ પ્રા.શિક્ષકો કામગીરી કરે તેનાથી પણ વધુ ઉત્સાહિત બનીને કામગીરી કરવાની તમન્નાએ નવનીતભાઈ આર. પટેલે શિક્ષણની તસવીર બદલી નાખી છે. બાળકો દ્વારા રામહાટની પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. લોકભાગીદારીથી શાળાનો દૈદિપ્યમાન ભૌતિક વિકાસ કર્યો છે. અત્યાર સુધી શાળા પ્રવેશોત્સવમાં ૧૦૦ ટકા નામાંકનની સિદ્ધિ મેળવી છે તેમના દ્વારા તૈયાર થતા ટી.એલ.એમ.ની રાજ્યના તમામ પ્રા.શિક્ષકોએ નોંધ લઈ દિવ્યાંગ પ્રા.શિક્ષકની લગનને સોશ્યલ મીડીયા દ્વારા બિરદાવાય છે.

જીવનમાં સંકલ્પ લીધો હોય તે પરીપૂર્ણ કરવા માટે કઠોર મહેનત જરૂરી છે. માત્ર વાતો કરવાથી પ્રસંશા મળે પરંતુ હૃદયથી આનંદ મેળવવો હોય તો ધગશથી કામ કરવું પડે અને સમય જતાં કઠોર મહેનત સફળતાનો ગુંબચ બનાવી દે છે. બાયડ તાલુકાના પેન્ટરપુરાના વતની અને બાવાનોમઠ પ્રા. શાળામાં શિક્ષક તરીકે ફરજ બજાવતા નવનીતભાઈ પટેલના શિક્ષણ પ્રેમને આજે શિક્ષક વિશેષમાં આલેખવાનો પ્રયાસ કર્યો છે. દિવ્યાંગ હોવા છતાં તેમની કામગીરીમાં ક્યાંય કચાશ જોવા મળી નથી. દિવ્યાંગપણાને ભૂલી જઈ દરરોજ સવારે ૯-૦૦ વાગે શાળામાં હાજર થતા અને બાળકોને શિક્ષણમાં ન્યાય આપતા. સાંજે ૫-૦૦ પછી પણ બાળકો માટે શિક્ષણ કાર્ય ચાલુ રાખ્યું. ડેમાઈ ગ્રામ પંચાયતના પેટાપરાની બાવાનોમઠ પ્રા. શાળામાં તેમના પ્રયાસોથી શૈક્ષણિક સંકુલનું ભૌતિક વાતાવરણ નયનરમ્ય અને શિક્ષણમય બનાવી દીધું છે. એકપણ બાળક બુનિયાદી શિક્ષણથી વંચિત ન રહે તે માટે પૂરતા પ્રયાસ થયા. શાળામાં લોકભાગીદારીથી પંખા, કમ્પ્યુટર, બાલમિત્ર વર્ગ, શુદ્ધ પીવાના પાણીની વ્યવસ્થા ઉભી કરી. ધો.૧-૨ ના તેમના વર્ગખંડના બાળકોની વિદ્યાર્થી પ્રોફાઈલ તૈયાર કરી. બાળક કઈ પરિસ્થિતિમાંથી આવે છે તેને શું શું જરૂરીયાત છે તેની વિગતો એકત્ર કરી, બાળક સારૂ વાંચન કરે તે માટે અવનવા ટી.એલ.એમ. જેવા કે મૂળાક્ષર પેટી, શબ્દ પત્તાં બનાવી અસરકારક શૈક્ષણિક કાર્ય આપવાનું શરૂ કર્યું. બાળકોમાં ઝડપી ગણન કૌશલ્યનો આવિષ્કાર થાય તે માટે મૂર્ત વસ્તુઓનો ઉપયોગ કરી ગણન હાથી તૈયાર કર્યો. નવતર પ્રયોગ તરીકે ફરતું પુસ્તકાલય તૈયાર થયું જેના દ્વારા વિદ્યાર્થીઓને વાંચન પ્રત્યે અભિમુક્ત કરવાનો પ્રયાસ થયો. બાળકોમાં મૂલ્ય લક્ષી કેળવણીનું ઘટતર થાય તે માટે બાળકો દ્વારા સ્વયં સંચાલિત રામહાટની પ્રવૃત્તિ કરવામાં આવી. જ્યાં બાળકો જાતે જરૂરી સ્ટેશનરી ખરીદે અને પ્રામાણિક્તાનો ગુણ કેળવવા લાગ્યા છે. શાળામાં પર્યાવરણ ઔષધિય બાગ તૈયાર કરવામાં આવ્યો છે જેમાં અરડૂસી, લીમડો, સરગવો, જાસુદ, જાંબુ, આંબો, પીપળ, તુલસી એમ મોસમ પ્રમાણેના વિવિધ પ્રકારના શાક તેમજ ભાજીઓ વગેરે તૈયાર કરવામાં આવે છે અને તૈયાર થયેલી શાકભાજીનો ઉપયોગ મધ્યાહન ભોજન યોજનામાં કરવામાં આવી રહ્યો છે. જિલ્લાના પ્રા.શિક્ષકો સંપૂર્ણ હોવા છતાં રાજ્ય પારિતોષિક સહિત અન્ય પારિતોષિકો મેળવનાર પ્રા. શિક્ષણના ભેખધારી દિવ્યાંગ પ્રા.શિક્ષક નવનીતભાઈ પટેલની એક મુલાકાત લેવી જરૂરી છે. સાચા અર્થમાં તેઓએ શિક્ષણ યાત્રાને નવપલ્લિત કરવાનો દિલથી પ્રયાસ કર્યો છે. રાજ્યના મુખ્ય મંત્રી, શિક્ષણ મંત્રીની ઉપસ્થિતિમાં મહામહિમ રાજ્યપાલ ઓ.પી.કોહલીના હસ્તે તેમનું બહુમાન થયેલું છે. ગૌરવ છે અરવલ્લી જિલ્લાના પ્રા.શિક્ષકોને તેમની કામગીરી ઉપર.